

# શ્રી સ્વામિનારાયણ મંદિર

## દ્વિતીય પાટોત્સવ સ્તુતિવંદના-મહાવિધિ

૧૭ જાન્યુઆરી, ૨૦૨૨

**પોષીપૂર્ણિમાની** ધન્ય મંગલ પ્રભાત અને શ્રી સ્વામિનારાયણ મંદિર કળશ મહોત્સવની પૂર્ણાહુતિનો દિવસ. ત્રણ દિવસની ઉજવણીનો અપૂર્વ આનંદ હૈયે ભરી સૌ ભાવિક ભક્તો અંતિમ દિનની સ્મૃતિઓને અંતરે ભરી લેવા આતુર હતા. વળી, આ મંગલ દિનની શરૂઆત બ્રહ્મજ્યોતિ સ્થિત નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરજીમાં બિરાજમાન શ્રી ઠાકોરજી મહારાજ અને સર્વ ગુણાતીત સ્વરૂપોની મૂર્તિઓના દ્વિતીય પાટોત્સવ નિમિત્તે દિવ્ય સ્તુતિગાન સાથે થઈ. નૂતન મંદિરજીમાં શ્રી ઠાકોરજી સમક્ષ સંતભગવંત સાહેબજી, બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સમક્ષ સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદા, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સમક્ષ સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદા, શ્રી ગણેશજી દેવ સમક્ષ સાધુ પૂ. રમેશદાસજી દયાળુ, શ્રી હનુમંત દેવ સમક્ષ સાધુ પૂ. અરવિંદદાસજી, અક્ષરમહોલમાં બિરાજમાન શ્રી ઠાકોરજી સમક્ષ સદ્‌ગુરુ સંતો પૂ. રતિકાકા, પૂ. હર્ષદદાદા, પૂ. અરુણદાદા, બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ સમક્ષ સાધુ પૂ. હિંમતદાસજી, બ્રહ્મસ્વરૂપો જાગા સ્વામી, કૃષ્ણજી અદા, કાકાજી મહારાજ, પપ્પાજી મહારાજ સમક્ષ સાધુ પૂ. ગૌતમદાસજી અને સાધુ પૂ. રણછોડદાસજી, બ્રહ્મસ્વરૂપો શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, હરિપ્રસાદ સ્વામીજી, અક્ષરવિહારી સ્વામીજી સમક્ષ સાધુ પૂ. વાસુદેવદાસજી અને સાધુ પૂ. રમેશદાસજી તેમજ સંતભગવંત સાહેબજી સમક્ષ સાધુ પૂ. જયેશદાસજીએ પધારી પાટોત્સવ પૂજન વિધિ કરી. આચાર્યગણ દ્વારા શાસ્ત્રોક્ત રીતે ભાવવાહી વિધિ કરાવવામાં આવી અને સેવક પૂજારીઓએ અદ્‌ભુત શણગાર કરી શ્રી ઠાકોરજી મહારાજનાં દિવ્ય દર્શનનો લાભ સૌને સુલભ કરાવ્યો. શણગાર દરમિયાન સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદાએ 'શોભા સાગર શ્યામ તમારી મૂર્તિ પ્યારી રે...' કીર્તનનાં નિરૂપણ કરી ભક્તિની સમજ આપી. સંતભગવંત સાહેબજીએ આશીર્વાદમાં ગુણાતીત દીક્ષાદિનની શુભકામનાઓ પાઠવી અને ગુણાતીતભાવ સુદૃઢ કરવા માર્ગદર્શન પ્રદાન કર્યાં. અંતે સૌ યુવા ભક્તોએ શ્રી ઠાકોરજી મહારાજને ભાવથી અન્નકૂટ ધરાવી જમાડ્યા !





સંતભગવંત સાહેબજી દ્વારા નૂતન મંદિરજીમાં બિરાજમાન શ્રી મુક્ત અક્ષરપુરુષોત્તમ મહારાજના દ્વિતીય પાટોત્સવ પૂજન અને ભાવવંદનાસભર આરતી અર્પણ



પાટોત્સવવિધિ રત પૂ. અશ્વિનદાદા



બ્ર.સ્વ. શાસ્ત્રીજી મહારાજને ભાવવંદના



બ્ર.સ્વ. શાસ્ત્રીજી મહારાજનાં દિવ્ય દર્શન



પાટોત્સવવિધિ રત પૂ. શાંતિદાદા



બ્ર.સ્વ. યોગીજી મહારાજને ભાવવંદના



બ્ર.સ્વ. યોગીજી મહારાજનાં મનોહર દર્શન



બ્ર.સ્વ. શાસ્ત્રીજી મહારાજને આરતી અર્પણ



બ્ર.સ્વ. યોગીજી મહારાજને આરતી અર્પણ



પાટોત્સવવિધિ રત સાધુ પૂ. રમેશદાસજી



શ્રી ગણપતિ દેવને આરતી અર્પણ



વિઘ્નહર્તા દેવનાં મનભાવન દર્શન



પાટોત્સવવિધિ રત સાધુ પૂ. અરવિંદદાસજી



શ્રી હનુમાન દેવને આરતી અર્પણ



કષ્ટભંજન દેવનાં નયનરમ્ય દર્શન



મંદિરજીમાં બિરાજમાન શ્રી ઠાકોરજી મહારાજના શણગાર તો મનોહર હતા જ વળી, મંદિરજીની કલાત્મકતા તથા રંગ અને સુશોભનની શોભા પણ માધુર્યસભર હતી. સ્તંભની કોતરણી, ઝરૂખા, કલાત્મક કમાન, ભવ્ય ઘુમ્મટ આદિ શિલ્પકળાની બેનમૂન પ્રસ્તુતિઓ અને તે માટે સંતોનાં માર્ગદર્શને રખાયેલી ચીવટ હૃદયસ્પર્શી હતી. આ વિશિષ્ટ સ્મૃતિ દિવ્ય અક્ષરધામની અકલ્પનીય અનુભૂતિને સાકાર કરી રહી હતી. દર્શનાર્થે પધારનાર સૌ કોઈ મંદિરજીની આ શોભામાં લીન થઈ રહ્યાં હતાં. સંતભગવંત સાહેબજીને ગદ્‌ગદ ભાવે વંદી રહ્યાં હતાં. ◆



અક્ષરમહોલમાં બિરાજમાન શ્રી ઠાકોરજીનાં પાટોત્સવ પૂજન



શ્રી ઠાકોરજી મહારાજને આરતી અર્પણ



પાટોત્સવવિધિ રત સાધુ પૂ. હિંમતદાસજી



શ્રી ઠાકોરજી મહારાજને ભક્તિભાવે અન્નકૂટ અર્પણ



બ્ર.સ્વ. ભગતજી મહારાજને આરતી અર્પણ



પાટોત્સવવિધિ રત સાધુ પૂ. જયેશદાસજી



સંતભગવંત સાહેબજીને આરતી અર્પણ


પાટોત્સવવિધિ રત પૂ. ગૌતમદાસજી-પૂ. રણછોડદાસજી


પાટોત્સવ પર્વે ગુણાતીત સ્વરૂપોને ભાવવંદના


ગુણાતીત સ્વરૂપોનાં મંગલ દર્શન


પાટોત્સવવિધિ રત પૂ. વાસુદેવદાસજી-પૂ. રમેશદાસજી


પાટોત્સવ પર્વે ગુણાતીત સ્વરૂપોને ભાવવંદના


સંતભગવંત સાહેબજીનાં આશીર્દાન


સદ્ગુરુ પૂ. શાંતિદાદાનાં આધ્યાત્મિક માર્ગદર્શન


બ્ર.સ્વ. ભગતજી મહારાજનાં અમૃતદર્શન


સંતભગવંત સાહેબજીનાં રસરૂપ દર્શન


ગુણાતીત સ્વરૂપોનાં મનભાવન દર્શન